KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

ગૌરવપૂર્ણ સિદ્ધિ

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરએ સતત ચોથા વર્ષે CET પરીક્ષામાં ઉત્તમ પરિણામ હાંસલ કર્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૫ ની CET પરીક્ષામાં શાળાના ૩૯ વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન પામ્યા, જે શાળાના શૈક્ષણિક ગુણવત્તાનું પ્રતિબિંબ છે. મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેમ કે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કૂલ્સ, રક્ષા શક્તિ સ્કૂલ્સ



અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપનો લાભ મળશે. શાળા છેલ્લા કેટલાંક વર્ષોથી શિષ્યવૃત્તિ પરીક્ષાઓમાં સતત અગ્રેસર રહી છે, જે શાળાની પ્રતિબદ્ધતા અને શિક્ષણની ઉત્તમતા દર્શાવે છે. આ વર્ષે શાળાને રૂ. ૧,૫૬,૦૦૦/- (composite grant) સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવ્યા છે. આ સિદ્ધિ બદલ તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકવર્ગને હાર્દિક અભિનંદન.

વાર્ષિકોત્સવ ઉજવણી



વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને પ્રેરણા વધારવાના હેતુ સહ શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર શાળામાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું. શાળામાં વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજાય છે. તેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તથા વાર્ષિક પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને દાતાશ્રીઓના સહયોગથી ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ચિન્ટુભાઈ પટેલ, નિરવભાઈ પટેલ તથા તરૂણભાઈ શાહ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

એસ.સી.દાણી સ્કુલ્સ

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન

28 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે શાળામાં ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ મેળામાં વિજ્ઞાનની 31 અને ગણિતની 18 એમ કુલ 49 કૃતિઓ રજૂ કરવામાં આવી. કાર્યક્રમનું ઉદ્ઘાટન કપડવંજ કેળવણી મંડળના ઉપપ્રમુખ



શ્રી રસિકભાઈ પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રયોગો અને મોડેલ્સ દ્વારા પોતાની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ રજૂ કર્યો. હોલોગ્રામનું પ્રદર્શન, પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયા અને વિદ્યુત ઘંટડી જેવા પ્રયોગો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા. ગણિત વિભાગમાં ગાણિતિક પઝલ, ઘડિયાળ દ્વારા ખૂણાની ઓળખ અને સમબાજુ ચતુષ્કોણ જેવા પ્રયોગાત્મક મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. સમગ્ર કાર્યક્રમ જ્ઞાન, આનંદ અને સર્જનાત્મકતાનો સુંદર સમન્વય બની રહ્યો.

બાલ બજાર દ્વારા ગણિતનું પ્રાયોગિક શિક્ષણ

તા. ૨૬/૦૨/૨૦૨૬, ગુરુવારે ધોરણ ૪ના વિદ્યાર્થીઓ માટે “બાલ બજાર”નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ રૂપિયા-પૈસાની લેવડદેવડ, ખરીદી-વેચાણ અને ગણતરીનો પ્રાયોગિક અનુભવ મેળવ્યો. ધોરણ ૧થી ૪ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ગણિતને સરળ અને રસપ્રદ રીતે સમજ્યા. વાલીગણના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

માતૃભાષા દિવસની ઉજવણી



21 ફેબ્રુઆરી નિમિત્તે માતૃભાષા દિવસ ઉજવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ નાટક, નૃત્ય અને ગુજરાતી ગીતો દ્વારા માતૃભાષાનું મહત્વ સુંદર રીતે રજૂ કર્યું. ધોરણ 7ના નક્ષ બારોટે ગિટારના મધુર સ્વરોથી કાર્યક્રમને સજીવન બનાવ્યો, જ્યારે સમત્વ પટેલ (કોંગો) અને પર્વ (તબલા)એ તાલથી સૌને મંત્રમુગ્ધ કર્યા. કાર્યક્રમ આનંદમય અને પ્રેરણાદાયી વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો.

રમતોત્સવની ઉત્સાહભેર ઉજવણી



શાળામાં રમતોત્સવનું આયોજન ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સભાથી થઈ અને મુખ્ય મહેમાન તરીકે ભારતી ઓડેદરા તથા અતિથિ વિશેષ તરીકે શ્રી સુરેશભાઈ રાજગોર ઉપસ્થિત રહ્યા. ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતો યોજાઈ અને બે દિવસ ચાલેલા આયોજનમાં વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. આ રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં શિસ્ત, ટીમભાવના અને સ્વસ્થ સ્પર્ધાની ભાવના વિકસાવવામાં આવી.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

મહાશિવરાત્રીની ભક્તિમય ઉજવણી



મહાશિવરાત્રી નિમિત્તે શાળામાં ભક્તિમય કાર્યક્રમો યોજાયા. પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ તહેવારનું મહત્વ અને ભગવાન શિવના જીવનમૂલ્યો રજૂ કર્યા. ધોરણ ૨ના વિદ્યાર્થીઓએ અભિનય ગીત દ્વારા ભક્તિભાવ વ્યક્ત કર્યો. ઉપરાંત ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓને છોટે સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે લઈ જઈ તહેવારનું મહત્વ પ્રત્યક્ષ રીતે સમજાવવામાં આવ્યું.

વેશભૂષા સ્પર્ધામાં દ્વિતીય ક્રમની સિદ્ધિ



ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત વેશભૂષા સ્પર્ધામાં પટેલ કશ્વી અર્પિતકુમારે “ઓપરેશન સિંદૂર”માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર સોફિયા કુરેશીનું પાત્ર રજૂ કરી દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો.

શૈક્ષણિક મુલાકાતનું આયોજન

ધોરણ 1 અને 2 ના નાનકડા વિદ્યાર્થીઓમાં ધાર્મિક-સાંસ્કૃતિક પરિચય સાથે સહકાર, શિસ્ત અને સમૂહભાવના વિકસે તે હેતુથી તા. 10/03/2026ના રોજ કુલબાઈ માતાના મંદિરની શૈક્ષણિક મુલાકાત યોજાઈ. વિદ્યાર્થીઓએ આનંદભેર સમય વિતાવ્યો અને વનભોજનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ સહપાઠીઓ સાથે ભોજનનો આનંદ માણ્યો.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

દાંડીકૂચ દિનની પ્રેરણાદાયી ઉજવણી

શાળામાં દાંડીકૂચ દિન નિમિત્તે દાંડીકૂચ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ ૮ 'બ'ના વિદ્યાર્થી પટેલ નિસર્ગે ગાંધીજીનું પાત્ર ભજવ્યું અને અન્ય વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સેનાનીઓના પાત્રો નિભાવ્યા.
"વૈષ્ણવ જન તો તેને રે કહીએ" ભજનથી કાર્યક્રમની શરૂઆત થઈ. પ્રતિકાત્મક યાત્રા દ્વારા વિદ્યાર્થીઓએ દાંડીકૂચનું મહત્વ રજૂ કર્યું. આ આયોજનથી વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને રાષ્ટ્રભાવના મજબૂત બની.






સી. ડી. ગાંધી સ્કુલ્સ

હોળી ઉત્સવની રંગબેરંગી ઉજવણી



રંગોથી ભરી ખુશીની છાંય,
હોળી લાવે પ્રેમનો માહોલ,
હાસ્ય-ઉલ્લાસે ગુંજે દુનિયા,
મળીને ઉજવીએ આનંદનો તહેવાર.







શાળામાં હોળી ઉત્સવ ઉત્સાહભેર ઉજવાયો. વિદ્યાર્થીઓએ નૃત્ય અને નાટક દ્વારા હોળીના તહેવારનો મહિમા અને સકારાત્મક સંદેશ સુંદર રીતે રજૂ કર્યો. સમગ્ર કાર્યક્રમ આનંદ, રંગો અને એકતાની ભાવનાથી ભરપૂર રહ્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

"રંગ અલગ, ભાષા અલગ,
પણ દેશ આપણો એક;
સંસ્કૃતિના સુંદર ફૂલોથી,
એકતાનો ફેલાયો સુગંધિત સુગંધ."

વિવિધતામાં એકતા કાર્યક્રમની ઉજવણી











શાળામાં ત્રણ દિવસીય "વિવિધતામાં એકતા" કાર્યક્રમ યોજાયો. કાશ્મીર, રાજસ્થાન અને ગુજરાતની સંસ્કૃતિઓના સુંદર પ્રદર્શન દ્વારા ભારતની વિવિધતા અને એકતાનું પ્રેરણાદાયી દર્શન કરાવવામાં આવ્યું.

એકતા અને ગૌરવ સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી



વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય પ્રતીકો પ્રત્યે માન અને ગૌરવની ભાવના વિકસે તે હેતુથી શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં પ્રજાસત્તાક દિવસ ઉજવાયો. કાર્યક્રમમાં નાટક દ્વારા શિક્ષણ અને રોજગાર જેવા મહત્વના વિષયો રજૂ કરવામાં આવ્યા તેમજ રાષ્ટ્રધ્વજના ઇતિહાસ અને તેના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધા

વિજ્ઞાનની દુનિયા અદ્ભુત અને અજાણી,
જ્ઞાનથી ભરાય દરેક નિશાની;
ક્વિઝ દ્વારા વધે જ્ઞાનનો પ્રકાશ,
સર્જનાત્મકતા સાથે શીખવાનો ઉજાસ.



શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં વિજ્ઞાન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાના જ્ઞાન અને વિચારશક્તિનો સુંદર પ્રદર્શન કર્યું



બોટલ પેઈન્ટિંગ સ્પર્ધા





વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યે રસ અને સર્જનાત્મકતા વિકસે તે હેતુથી શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં બોટલ પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ જૂની બોટલો પર સુંદર અને આકર્ષક ચિત્રકામ કરી પોતાની કલાત્મકતા રજૂ કરી.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

અભયમ મહિલા સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ

વિદ્યાર્થીઓમાં મહિલા સુરક્ષા અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં અભયમ ટીમની મુલાકાત યોજાઈ. ટીમ દ્વારા મહિલા સુરક્ષા, કાયદાકીય મદદ અને ઇમરજન્સી સેવાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા.



આરોગ્ય સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ

વિદ્યાર્થીઓમાં આરોગ્ય સુરક્ષા અને ઇમરજન્સી સેવાઓ અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં એમ્બ્યુલન્સનું પ્રદર્શન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ એમ્બ્યુલન્સને રૂબરૂ નિહાળી અને સ્ટાફ પાસેથી પ્રાથમિક સારવાર અંગે માહિતી મેળવી.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ


ધુળેટીની પર્યાવરણમિત્ર ઉજવણી

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધુળેટીની ઉજવણી ઓર્ગેનિક કલર અને ફૂલની પાંદડીઓથી કરવામાં આવી. આ ઉજવણીનો હેતુ વિદ્યાર્થીઓને કુદરતી રંગો દ્વારા સ્વસ્થ, સુરક્ષિત અને પર્યાવરણમિત્ર રીતે તહેવાર ઉજવવા પ્રેરિત કરવાનો હતો.



સલાડ અને ફ્રૂટ્સ વીકની આરોગ્યમય ઉજવણી





વિદ્યાર્થીઓમાં હેલ્ધી ખોરાક પ્રત્યે રસ અને જાગૃતિ વધે તે હેતુથી શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં “સલાડ અને ફ્રૂટ્સ વીક”નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન બાળકોને પોષણયુક્ત આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું અને તેમને સ્વસ્થ, સંતુલિત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
વર્ષ: ૭ અંક: ૮૮ માર્ચ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વિદાય સમારંભની ભાવુક ઉજવણી

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં સિનિયર કે.જીના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ આનંદ અને લાગણીભેર યોજાયો. શાળા તરફથી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા.વાલીશ્રી અને વિદ્યાર્થીઓએ શાળા સાથે જોડાયેલી યાદોને વ્યક્ત કરી. જુનિયર કે.જી અને સિનિયર કે.જીના વિદ્યાર્થીઓએ વિદાય ગીત રજૂ કરી સમગ્ર કાર્યક્રમને ભાવુક અને યાદગાર બનાવી દીધો.








KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ

એમ.કોમ.માં કપડવંજ કોલેજનું ગૌરવમય પ્રદર્શન



કપડવંજની શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજના એમ.કોમ. સેમ-1 (નવેમ્બર 2025)ના પરિણામોમાં 18 વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટીમાં

સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. એમ. કોમ સેમ- 1 માં વિશેષ નોંધનીય છે કે નાજેમા એમ. ઘાંચીએ સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. આ પ્રસંગે કોલેજના કાર્યકારી આચાર્ય, પ્રોફેસરો અને સ્ટાફ દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કોલેજનો 66મો વાર્ષિકોત્સવ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં 66મો વાર્ષિકોત્સવ, એચીવર્સ ડે તથા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય સમારોહ ઉલ્લાસભેર યોજાયો.



કાર્યક્રમ પૂર્વ આચાર્ય ડૉ. ગોપાલ શર્માના અધ્યક્ષપદે અને મંત્રીશ્રી અનંતભાઈ શાહના અતિથિવિશેષપદે યોજાયો હતો. પ્રસંગે ડૉ. જવનિકા શેઠ દ્વારા પ્રાર્થના, કાર્યકારી આચાર્ય પ્રો. એ.બી. પંડા દ્વારા સ્વાગત પ્રવચન તથા એસ.આર.સી. ઈન્ચાર્જ ડૉ. એલ.પી. વણકર દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

આ અવસરે કોલેજમાં ત્રણ દાયકાથી વધુ સમયથી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર ડૉ. હિતેન્દ્ર જોશી, ડૉ. એલ.પી. વણકર અને શ્રી ધર્મેશ પરીખને મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.





ટ્રેડિશનલ ડે અને ગરબા ઉજવણી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ટ્રેડિશનલ ડે તથા ગરબા કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાગત વેશભૂષા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હેતુ સાથે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.ભાઈઓ અને બહેનોમાં બેસ્ટ એક્શન તથા ટ્રેડિશનલ ડ્રેસ માટે પ્રથમથી ત્રીજા ક્રમે વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી સી.એન.વિદ્યાલય

‘માતૃ-પિતૃ વંદના’ કાર્યક્રમ ભાવપૂર્વક યોજાયો

શ્રી સી.એન. વિદ્યાલય, કપડવંજમાં IMCTF અને HSSF (Initiative for Moral and Cultural Training Foundation & Hindu Spiritual and Service Fair)ના સંયુક્ત ઉપક્રમે ‘માતૃ-પિતૃ વંદના’ કાર્યક્રમ તા. 14/02/2026, શનિવારે ભાવભીનાં માહોલમાં યોજાયો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાના કપાળે તિલક કરી, ચરણ ધોઈ હિંદુ વિધિ મુજબ આદર વ્યક્ત કર્યો. શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા (ગૌર મહારાજ)ના પવિત્ર શ્લોકોચ્ચાર સાથે સમગ્ર પ્રસંગને આધ્યાત્મિક છાંટ મળી. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી પી.બી. પટેલ તથા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, નડિયાદના ઈ.આઈ. શ્રી રિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન શિક્ષકમંડળના શ્રી એ.બી. પંચાલ, શ્રી રાહુલભાઈ રાઠોડ, શ્રી જે.એમ. પટેલ અને શ્રી એચ.એસ. પ્રજાપતિએ કર્યું હતું. કાર્યક્રમ દ્વારા ‘માતૃ દેવો ભવ:, પિતૃ દેવો ભવ:’ની ભાવના જીવંત બની અને વિદ્યાર્થીઓમાં માતા-પિતા પ્રત્યેનો સન્માન વધુ ગાઢ બન્યો.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

મારી શાળા

હું છું એક શિક્ષક ને છે આ જ મારી શાળા,
મારે માથે શોભતો છે તાજ મારી શાળા.
હું એનો લય રિધમ ને તાલ
મંદ મંદ મુજમાં વહેતો ,
છે સાજ મારી શાળા.
હું તો કેવળ સાદો ને સાધારણ,
અન્ય થી અલગ લાગે એ,
છે અંદાજ મારી શાળા.
મળી છે કિસ્મત માતા થી રૂત્તબો પિતાના આશિષથી,
નૂર દેખાય જે મારા ભાલે ,
છે એનું રાઝ મારી શાળા.
ભૂતકાળ ની વાતો વેગળી ને ભવિષ્યની તો
ઘણી છેટડી, મળી મને જે સાંપ્રતે એ
છે આજ મારી શાળા.
હું નિશબ્દ, નીરવ ને અબોલકણો,
જે સંભળાય તમને એ છે અવાજ મારી શાળા.
સુખદ જે સમાપ્તિ છે સફળતા ની જે પ્રાપ્તિ છે,
તેની 'હરપલ' શરુઆત નો છે આગાઝ મારી શાળા.

લેખક: એચ.એસ.પ્રજાપતિ' હરપલ'

શ્રી સી.એન.વિદ્યાલય









KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

સિનિયર કે.જી.નો વિદાય સમારંભ અને ઇનામ વિતરણ કાર્યક્રમ





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં સિનિયર કે.જી.ના બાળકોનો વિદાય સમારંભ તથા ઇનામ વિતરણ કાર્યક્રમ આનંદભેર અને ભાવુક વાતાવરણમાં યોજાયો. પ્રસંગે મુખ્ય મહેમાન ડૉ. શિવાનીબેન ઉત્સવકુમાર પંચાલ તથા અતિથિ વિશેષ ડૉ. ઉર્વશીબેન કશ્યપકુમાર પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.બાળકો દ્વારા ડાન્સ અને સ્પીચની આત્મવિશ્વાસભર રજૂઆત કરવામાં આવી, જ્યારે ઇનામો અને પ્રમાણપત્રો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.વિદાયની પળોએ લાગણીસભર માહોલ સર્જ્યો અને સમગ્ર કાર્યક્રમ સૌ માટે સ્મરણિય બની રહ્યો.

ઉનાળાની ઋતુનું જીવંત અને શૈક્ષણિક પ્રદર્શન

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ઉનાળુ ઋતુને આધારીત સુંદર અને જીવંત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દ્વારા બાળકોને ઉનાળાની ઋતુ વિશે રસપ્રદ અને સરળ રીતે માહિતી આપવામાં આવી. વિવિધ આકર્ષક મોડલ, ચાર્ટ્સ અને પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને ઋતુના લક્ષણો, ફળો, વસ્ત્રો અને સાવચેતી અંગે સમજ આપવામાં આવી. બાળકો ઉત્સાહપૂર્વક પ્રદર્શન સાથે જોડાયા અને શીખતા શીખતા આનંદ અનુભવ્યો. સમગ્ર કાર્યક્રમ આનંદમય વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો અને બાળકો માટે યાદગાર બની રહ્યો.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८८ मार्च २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી સ્પંદન બાલમંદિર

ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન



શ્રી સ્પંદન બાલમંદિરમાં ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન આનંદમય વાતાવરણમાં ઉજવાયું. આ પ્રસંગે ૪૨ કડવા પાટીદાર સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ રામાભાઈ પટેલ તથા શ્રી કિશોરકુમાર લેખુરામ વણજાણી (રૂપાલી સિલેક્શન) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.બાળકોએ સમૂહમાં ડાન્સ કરી આનંદભેર ઉજવણી કરી હતી. શાળા તરફથી બાળકોને રિટર્ન ગિફ્ટ આપવામાં આવી. મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો.આચાર્યશ્રી તથા શિક્ષકમંડળ દ્વારા બાળકોને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને ઉપસ્થિત મહેમાનશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.





વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ



શ્રી સ્પંદન બાલમંદિરમાં સિનિયર કે.જી.ના બાળકોનો વાર્ષિકોત્સવ તથા વિદાય સમારંભ ભાવપૂર્ણ વાતાવરણમાં યોજાયો. બાળકોને શાળા તરફથી પ્રમાણપત્ર અને ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. વાલીશ્રીઓ અને બાળકો દ્વારા શાળા વિશે પોતાના સકારાત્મક મંતવ્યો રજૂ કરવામાં આવ્યા. સિનિયર કે.જી.ની બાળાઓએ વિદાય ગીત રજૂ કરી પ્રસંગને ભાવુક બનાવ્યો.



